ક્રમાંકઃભુમી/બી. ખે./વશી/૨૨૦૦
કલેકટર કચેરી,(ચીટનીશ શાખા)
ભરૂચ. તા. ૨૮/૪/૨૦૧૭.

વંચાણમાં લીધા :–

આયશાબેન ઈબ્રાહીમભાઈ વિગેરે c/o, ૧૫,રંગોલી કોમ્પલેક્ષ,સ્ટેશન રોડ,ભરૂચની રહેણાંક/વાણિજયના હેતુ માટે બીનખેતીની પરવાનગી મળવા બાબતની અરજી

(૨) સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક/જીએચ/વી/૪ ઓફ ૨૦૧૨/યુડીએ/૧૯૦૯/૧૨૧૮/એલ તા.૭/૧/૨૦૧૨

(૩) મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી ભરૂચના પત્ર નં.જાઆ/આરોગ્ય/ડીસેઈ/૧૬/૩૪૯ થી ૩૫૦ તા.૧૧/૪/૧૬

(૪) નાયબ કલેકટર અને ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી,જીઆઈડીસી ભરૂચના પત્ર નં.ખજઅ/જમન/દરખાસ્ત/૪૨૮ થી ૪૨૯/૨૦૧૬ તા.૫/૪/૧૬

(૫) ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી, ભરૂચના પત્ર નં.જસં/બીનખેતી/રજી.નં.૭૯/વશી/૫૪૨/૧૬ તા.૭/૪/૧૬

(૬) કાર્યપાલક ઈજનેરશ્રી (મ.મા),ભરૂચના પત્ર નં.સીબી/૨/બિનખેતી/૨૫૭૩ તા.૫/૫/૧૬

(૭) કાર્યપાલક ઈજનેરશ્રી (મ.મા) જીલ્લા પંચાયત ભરૂચના પત્ર નં.જીપં/પવ/બજેટ/વશી/૧૬ તા.૧૩/૪/૧૬

(૮) પ્રાદેશિક મેનેજરશ્રી ,જીઆઈડીસી અંકલેશ્વરના પત્ર નં.જીઆઈડીસી/પ્રા.મે./ અકલ/જમન/૧૧૪૭ તા.૩૧/૩/૧૬

(૯) કાર્યપાલક ઈજનેરશ્રી (ગ્રામ્ય વિભાગ) ડી.જી.વી.સી.એલ ભરૂચના પત્ર નં. ભરૂચ/ટિકફાઈલ/એન એ/૫૫૮/૨૧૯૬ તા.૧૩/૪/૧૬

(૧૦) કાર્યપાલક ઈજનેરશ્રી (બાંધકામ),જેટકોએ ભરૂચના પત્ર નં.સીડીબી/બાંધકામ/ટેકફાઈલ–૧/૪૦ એનએ/૩૩૬૯ તા.૨૦/૮/૧૬

(૧૧) કાર્યપાલક ઈજનેરશ્રી (પ્રવહન) મકતમપુરના પત્ર નં.ટીસી/ભરૂચ/ટી–૩/એનએ/ઈએચટી લાઈન/૨૭૮૬ તા.૨૬/૭/૧૬

(૧૨) મુખ્ય કારોબારી અધિકારીશ્રી,ભરૂચ–અંકલેશ્વર શહેરી વિકાસ સતામંડળ,ભરૂચના ક્રમાંક/બૌડા/વશી/૧૧૬૬ તા.૯/૫/૨૦૧૬

(૧૩) મામલતદારશ્રી ભરૂચના પત્ર નં.ભુમી/વશી/૩૦૭૦ તા.૨૨/૧૨/૨૦૧૬

(૧૪) આસી.કલેકટરશ્રી ભરૂચના પત્ર નં.ભુમી/વશી/૮૦ તા.૧૮/૨/૨૦૧૭

(૧૫) અત્રેની કચેરીના હુકમ ક્રમાંકઃટેનન્શી/બિનખેતી શરતફેર/એસઆર નં.૧૬/૨૦૧૬/વશી/૨૩૭૧ તા.૨૪/૧૧/૨૦૧૬

(૧૬) અત્રેના પત્ર નં.ભુમી/બીનખેતી/વશી/૧૧૦૫ તા.૨૧/૩/૧૭

(૧૭) આયશાબેન ઈબ્રાહીમભાઈ વિગેરે રહે ૧૫,રંગોલી કોમ્પલેક્ષ,સ્ટેશન રોડ,ભરૂચએ રજુ કરેલ ચલણ/રસીદો.

(૧૮) જમીન મહેસુલ કાયદાની કલમ – ૬૫

(૧૯) મહેસુલ વિભાગના ઠરાવ નં.બખપ–૧૦૦૬–૪૨૫– ક તા.૧/૭/૦૮

હુકમ :–

મોજે રહાડપોર તા.ભરૂચના સ.ન.૩૮ ક્ષે.૬૫૭૬ ચો.મી જમીનની રહેણાંક/વાણિજય હેતુ માટે જમીન મહેસુલ કાયદાની કલમ–૬૫ હેઠળ બીનખેતીની પરવાનગી મળવા અરજદાર આયશાબેન ઈબ્રાહીમભાઈ વિગેરે c/o, ૧૫,રંગોલી કોમ્પલેક્ષ,સ્ટેશન રોડ,ભરૂચએ આમુખ–૧ની અરજીથી માંગણી કરેલ છે.

આ કામે જુદા જુદા ખાતાના સબંધીત અધિકારીશ્રીનો અભિપ્રાય મેળવતા નીચે મુજબ અભિપ્રાય/વિગત જણાવેલ છે.

(૧) મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી ભરૂચે પત્ર નં.જાઆ/આરોગ્ય/ડીસેઈ/૧૬/૩૪૯ થી ૩૫૦ તા.૧૧/૪/૧૬થી જણાવેલ છે કે સવાલવાળી મોજે રહાડપોર તા.ભરૂચના સ.ન.૩૮ ક્ષે.૬૫૭૬ ચો.મી જમીનમાં રહેણાંક/વાણિજયના હેતુના કામ માટે આરોગ્યની દ્રષ્ટિએ વાંધાજનક નથી

(૨) નાયબ કલેકટર અને ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી,જીઆઈડીસી ભરૂચે પત્ર નં.ખજઅ/જમન/દરખાસ્ત/૪૨૮ થી ૪૨૯/૨૦૧૬ તા.૫/૪/૧૬થી જણાવેલ છે કે સદરહુ મોજે રહાડપોર તા.ભરૂચના સ.ન.૩૮ ક્ષે.૬૫૭૬ ચો.મી જમીન સંપાદન હેઠળ સમાવેશ થયેલ નથી.મોજે. રહાડપોર ગામની સદરહુ ખેતીની જમીન સંપાદન કરવા સંપાદક સંસ્થા તરફથી દરખાસ્ત મળેલ નથી.પરંતુ આ અંગે સંપાદક સંસ્થા જીઆઈડીસી પાસેથી અલાયદો અભિપ્રાય મેળવી લેવા વિનંતી છે.

(૩) ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી, ભરૂચે પત્ર નં.જસં/બીનખેતી/રજી.નં.૭૯/ વશી/૫૪૨/૧૬ તા.૭/૪/૧૬થી જણાવેલ છે કે સદરહુ મોજે રહાડપોર તા.ભરૂચના સ.ન.૩૮ ક્ષે.૬૫૭૬ ચો.મી જમીન સંપાદન હેઠળ સમાવેશ થયેલ નથી.વધુમાં આ

અને નેશનલ હાઈવે વિભાગ તેમ જ રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ,કાર્યપાલક ઈજનેરશ્રી અને રેલ્વે વિભાગનો પણ અલગથી અભિપ્રાય મેળવવા જણાવેલ છે.

કાર્યપાલક ઈજનેરશ્રી (મ.મા),ભરૂચે પત્ર નં.સીબી/૨/૨૫૭૩ તા.૫/૫/૧૬થી જણાવેલ છે કે સવાલવાળી જમીન ભરૂચ–ચાવજ –ટંકારીયા રોડના કી.મી ૩/૫૦ થી ૩/૭૦ વચ્ચે રસ્તાની મધ્યરેખાથી કાટખુણે રહેણાંક/વાણિજય માટે ૨૪ મીટર દુર બાંધકામ કરવાનુ હોય બૌડાના નિયમોનુસાર વાંધા સરખુ નથી.

(૫) કાર્યપાલક ઈજનેરશ્રી (મ.મા) જીલ્લા પંચાયત ભરૂચે પત્ર નં.જીપં/૫વ/બજેટ/ વશી/૧૬ તા.૧૩/૪/૧૬થી જણાવેલ છે કે સવાલવાળી જમીનનની આજુબાજુમાંથી તેઓની કચેરી હસ્તકનો રસ્તો પસાર થતો નથી.

(૬) પ્રાદેશિક મેનેજરશ્રી ,જીઆઈડીસી અંકલેશ્વરના પત્ર નં.જીઆઈડીસી/પ્રા.મે./ અકલ/ જમન/૧૧૪૭ તા.૩૧/૩/૧૬થી જણાવેલ છે કે મોજે રહાડપોર તા.ભરૂચના સ.ન.૩૮ ક્ષે.૬૫૭૬ ચો.મી જમીનની રહેણાંકના હેતુ માટે મંજુર થયેલ વિકાસ નકશાને ધ્યાને લઈ તથા નિગમ પાસે કોઈ સુવિધા માંગવાનો હક પ્રાપ્ત થતો નથી તે શરતે આપવામાં આવે તો નિગમને હરકત સરખુ નથી.

(૭) કાર્યપાલક ઈજનેરશ્રી (ગ્રામ્ય વિભાગ) ડી.જી.વી.સી.એલ ભરૂચના પત્ર નં. ભરૂચ/ટિકફાઈલ/એન એ/૫૫૮/૨૧૯૬ તા.૧૩/૪/૧૬થી જણાવેલ છે કે સ.ન.૩૮ ક્ષે.૬૫૭૬ ચો.મી વાળી જમીનમાંથી ભારે/હલ્કા દબાણની લાઈનો પસાર થતી ન હોવાથી અત્રેની કચેરીને કોઈપણ વાંધો નથી.

(૮) કાર્યપાલક ઈજનેરશ્રી (બાંધકામ),જેટકોએ ભરૂચએ પત્ર નં.સીડીબી/બાંધકામ/ ટેકફાઈલ–૧/૪૦ એનએ/૩૩૬૯ તા.૨૦/૮/૧૬થી જણાવેલ છે કે મોજે રહાડપોર તા.ભરૂચના સ.ન.૩૮ વાળી જમીનમાંથી ભારે દબાણની લાઈન પસાર થતી નથી તેમ જણાવેલ છે.

(૯) કાર્યપાલક ઈજનેરશ્રી (પ્રવહન) મકતમપુરના પત્ર નં.ટીસી/ભરૂચ/ટી–૩/એનએ/ ઈએચટી લાઈન/૨૭૮૬ તા.૨૬/૭/૧૬થી જણાવેલ છે કે મોજે રહાડપોર તા.ભરૂચના સ.ન.૩૮ વાળી જમીનમાંથી વાળી જમીનમાંથી ભારે દબાણની લાઈન પસાર થતી નથી તેમ જણાવેલ છે.

(૧૦) મુખ્ય કારોબારી અધિકારીશ્રી,ભરૂચ–અંકલેશ્વર શહેરી વિકાસ સતામંડળ,ભરૂચના ક્રમાંક/બૌડા/વશી/૧૧૬૬ તા.૯/૫/૨૦૧૬થી જણાવેલ છે કે સવાલવાળી જમીનનો રહેણાંક ઝોન–૧માં સમાવેશ થાય છે.આ કામે રહેણાંક/વાણિજયના હેતુ માટે બીનખેતી પરવાનગી નીચેની શરતોએ આપવામાં આવે તો વાંધા સરખુ નથી.

(૧) મુસદારૂપ વિકાસ યોજનાને સરકારશ્રી દ્રારા આખરી જાહેર કરવામાં તે મુજબ જે કોઈ ફેરફાર સવાલવાળી જમીનમાં થશે તે અરજદારશ્રીને બંધનકર્તા રહેશે.

(૧૧) મામલતદારશ્રી ભરૂચના પત્ર નં.ભુમી/વશી/૩૦૭૦ તા.૨૨/૧૨/૨૦૧૬થી હકારાત્મક પ્રમાણપત્ર પત્રક–૩માં અભિપ્રાય આપી જણાવેલ છે કે સવાલવાળી જમીન અંગે કોર્ટમાં કોઈ વિવાદ કે અપીલ ચાલતી નથી. કોઈ સરકારી લ્હેણુ બાકી નથી.સંપાદન હેઠળ ન હોય,પ્રિમીયમ ભરપાઈ કરવામાં આવેલ હોય,મોજે રહાડપોર તા.ભરૂચના સ.ન.૩૮ ક્ષે.૬૫૭૬ ચો.મી વાળી જમીનનુ ટાઈટલ કલીયર છે.બિનખેતી પરવાનગી આપવા અભિપ્રાય આપેલ છે.

(૧૨) આસી.કલેકટરશ્રી ભરૂચના પત્ર નં.ભુમી/વશી/૮૦ તા.૧૮/૨/૨૦૧૭થી હકારાત્મક પ્રમાણપત્ર પત્રક –૩માં અભિપ્રાય આપી જણાવેલ છે કે સવાલવાળી જમીન અંગે કોર્ટમાં કોઈ વિવાદ કે અપીલ ચાલતી નથી. કોઈ સરકારી લ્હેણુ બાકી નથી.સંપાદન હેઠળ ન હોય,પ્રિમીયમ ભરપાઈ કરવામાં આવેલ હોય,મોજે રહાડપોર તા.ભરૂચના સ.ન.૩૮ ક્ષે.૬૫૭૬ ચો.મી વાળી જમીનનુ ટાઈટલ કલીયર છે.તેમ જણાવેલ છે.બિનખેતી પરવાનગી આપવા અભિપ્રાય આપેલ છે.

(૧૩) અત્રેની કચેરીના હુકમ ક્રમાંકઃટેનન્શી/બિનખેતી શરતફેર/એસઆર નં.૧૬/૨૦૧૬/વશી/૨૩૭૧ તા.૨૪/૧૧/૨૦૧૬થી સવાલવાળી જમીન પૈકી ૫૦૦૦ ચોમી જમીનનુ રહેણાંક તથા ૧૫૭૬ ચોમી જમીનનનુ વાણિજય બીનખેતીના હેતુ માટેનું પ્રીમીયમ વસુલ લઈ જુની શરતમાં ફેરવવા હુકમ કરવામાં આવેલ છે.

આમુખ–૧૬ના પત્રથી મોજે રહાડપોર તા.ભરૂચના સ.ન.૩૮ ક્ષે.૬૫૭૬ ચો.મી જમીનની રહેણાંક હેતુ માટે ૧ ચોમીના રૂા.૧૦ લેખે ૫૦૦૦ ચોમીના રૂા.૫૦,૦૦૦/– તથા વાણિજય હેતુ માટે ૧ ચોમીના રૂા.૩૦ લેખે ૧૫૭૬ ચોમીના રૂા.૪૭૨૮૦/– કુલ રૂા.૯૭,૨૮૦/–(સત્તાણુ હજાર બસો એંસી પુરા) રૂપાંતર વેરો, તેમજ બીનખેતીનો વેરો–તેના ઉપરના ઉપકરો તલાટી પાસે જમા કરાવીને ચલણ–રસીદો રજુ કરવા તેમજ

[illegible] માપણી ફી ડી.આઈ.એલ.આરશ્રી કચેરીમાં ભરપાઈ કરી તેની નકલ રજુ કરવા જણાવતાં અરજદારશ્રીએ રૂપાંતરવેરો રૂા.૯૭,૨૮૦/– ચલણ નં.૪૦૦/૧૬ તા.૨૨/૩/૧૭ થી જમા કરાવી ચલણ, બીનખેતી વેરો રૂ.૧૫૬૩/– રસીદ નં.૪૪ અને રૂા.૧૧૮૧/– રસીદ નં.૪૫, લોકલફંડ રૂ.૩૭૫૦/– રસીદ નં.૩૦ અને રૂા.૨૮૩૫/– રસીદ નં.૩૧ તથા શિક્ષણ ઉપકર રૂા.૩૧૩/– રસીદ નં.૧૪ રૂા.૨૩૬/– રસીદ નં.૧૫ તા.૨૨/૩/૧૭થી જમા કરાવી રસીદો તથા માપણી ફી રૂ.૬,૦૦૦/– ડી.આઈ.એલ.આરશ્રી કચેરી ભરૂચમાં પાવતી નં.૧૧૦૮ તા.૨૧/૩/૧૭થી જમા કરાવી ચલણ રજુ કરેલ છે.

સબબ આમુખ–(૧૮) તથા (૧૯)મા દર્શાવેલ ઠરાવની જોગવાઈ અનુસાર મોજે રહાડપોર તા.ભરૂચના સ.ન.૩૮ ક્ષે.૬૫૭૬ ચો.મી આયશાબેન ઈબ્રાહીમભાઈ વિગેરેની માલીકીની જમીનની રહેણાંક/વાણિજયના હેતુ માટે નીચેની શરતોને આધીન રહી બીનખેતી પરવાનગી આપવા આથી હુકમ કરવામાં આવે છે.

શરતો :–

<u>પરીશિષ્ટ–૪</u>

બિનખેતી પરવાનગી મેળવવા ઈચ્છતા અરજદારે પાલન કરવાની શરતો

(૧) <u>બાંધકામ શરૂ કરતા પહેલા લે–આઉટ પ્લાન તથા બાંધકામના નકશા ભરૂચ–અંકલેશ્વર અર્બન ઓથોરીટી પાસે મંજુર કરાવવાના રહેશે.</u>

(૨) ડીસ્ટ્રીકટ ઈન્સ્પેકટર ઓફ લેન્ડ રેકર્ડસ દ્રારા ઈસ્યુ કરાયેલ માપણીશીટ કે જેના ઉપર મુળ ટિપ્પણની હદ પણ દર્શાવેલી હોવી જોઈએ.રજુ કરાયેલ પ્લાન તથા લે–આઉટ પ્લાન સક્ષમ કક્ષાએ મંજુર કરાવેલ હોવો જોઈએ.

(૩) નકશા મુજબ આરોગ્ય અને સ્વાસ્થયની દ્રષ્ટિએ ગંદા પાણીના નિકાલની જોગવાઈ કરવાની રહેશે.

(૪) અરજદારે રીબન ડેવલપમેન્ટ રૂલ્સ નીચે જે તે રસ્તાનો પ્રકાર ધ્યાને લઈ રસ્તાના મધ્યબીદુથી બાંધકામ વચ્ચે અંતર જાળવવાનું રહેશે અન્યથા અરજદારની જવાબદારી થશે.

(૫) સવાલવાળી જમીન જો જેલથી નજીક હોય તો ૧૮૪ મીટરનું અંતર છોડી બાંધકામ કરવાનું રહેશે.

(૬) સવાલવાળી જમીન જો રેલ્વે હદની નજીક હોય તો રેલ્વેની હદથી ૩૦ મીટર જગ્યા છોડી બાંધકામ કરવાનું રહેશે.

(૭) સવાલવાળી જમીન ઉપરથી અથવા બાજુમાંથી વિજળી ગ્રીડના તાર/હાઈટેન્શન પાવર અગર થાંભલા આવેલ હોય ત્યારે તે અન્વયે લાગુ પડતા નિયમોનું પાલન કરવા અને તે મુજબ બાંધકામ કરવાનું રહેશે.

(૮) અરજદારે/જયાં જરૂરી હોય ત્યાં કેન્દ્ર સરકાર કે રાજય સરકારના કાયદા નીચે રક્ષિત સ્મારક (PROTECTED MONUMENTS) તરીકે જાહેર કરેલ પ્રાચીન સ્મારકથી ૧૦૦ મીટર સુધીનું અંતર જાળવવાની પ્રવર્તમાન જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

(૯) અરજદારે/જયાં જરૂરી હોય ત્યાં વન્ય જીવન સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ અન્વયે અભ્યારણ્ય અથવા રાષ્ટ્રીય ઉપવન તરીકે જાહેર કરેલ કોઈપણ વિસ્તારની હદથી જાળવવાના થતા અંતર બાબતની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

(૧૦) જે હેતુ માટે બીનખેતીની મંજુરી આપવામાં આવેલ છે તે હેતુ માટે જ તેનો ઉપયોગ કરવાનો રહેશે.(રહેણાંક/વાણિજય હેતુ માટે)

(૧૧) શરતનં.૩૬/૩૭ મુજબનું અંતર છોડયા બાદ જરૂરી માર્જીનો સ્થળે જાળવવાના રહેશે.

(૧૨) કોમન પ્લોટ અને રસ્તાની જમીન સોસાયટીની સહીયારી માલિકીની અથવા સર્વે પ્લોટ હોલ્ડરોની/મકાન ધારકોની સહીયારી માલિકીની ગણાશે. તે ઉપર મૂળ માલિકીનો કોઈ હકક રહેશે નહી.

(૧૩) સવાલવાળી જમીનમાં બાંધકામ કરતા પહેલા વૃક્ષો ઉછેરવાના રહેશે.

(૧૪) સવાલવાળી જમીનમાં બાંધકામ કરતા પહેલા ભરૂચ–અંકલેશ્વર અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી (બૌડા) ની બાંધકામની મંજુરી ૧ વર્ષમાં મેળવવાની રહેશે.

(૧૫) આ જમીનની અંદરના આંતરીક રસ્તા પાકા અને ડામરના બનાવવાના રહેશે અને સ્ટ્રીટ લાઈટ, ગટર,અને પીવાના પાણીની વ્યવસ્થા જમીન માલિકે અગર તો વેચાણ રાખનારે કરવાની રહેશે તથા આ જમીનની અંદરના આંતરીક રસ્તાનો ઉપયોગ જાહેર લોકોની અવર જવર માટે કરવા દેવાનો રહેશે.

(૧૬) રસ્તાની હદથી બાંધકામ રેખા વચ્ચે આવતી જમીનમાં બાંધકામ કરવાનું રહેશે નહી.

હુકમની તારીખથી ત્રણ વર્ષની અંદર બાંધકામ પુરુ કરવાનું રહેશે. અને બાંધકામ પુરૂ થયા બાદ ૧ માસના અંતે તે અંગેની લેખિત જાણ કલેકટરશ્રી અને ભરૂચ–અંકલેશ્વર અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી (બૌડા) ને કરવાની રહેશે.

બાંધકામ શરૂ કર્યા પછી ૨– માસમાં અથવા અપીલ પીરીયડ પુરો થયાં બાદ નમુના 'એચ' માં હુકમની તમામ શરતો દાખલ કરી સનંદ કરી આપવાની રહેશે.

(૧૯) કબજેદાર બીનખેતી પ્લોટ દીઠ જરૂરી માપણી ફી ની રકમ ભરેલ હોય સર્વે ખાતા પાસે પ્લોટ દીઠ માપણી કરાવવાની રહેશે. માપણી થયા બાદ જો ક્ષેત્રફળમાં વધઘટ આવે તો વધઘટનું ક્ષેત્રફળ હુકમ તથા સનદમાં સુધારાને પાત્ર રહેશે.અને વધારાના ક્ષેત્રફળ માટે ખેતી સિવાયનો ધારો પણ ભરપાઈ કરવાનો રહેશે.તથા ડી.આઈ.એલ.આરશ્રીએ પ્લોટદીઠ કે.જે.પી કરવાની રહેશે.

(૨૦) કલેકટરશ્રીની પરવાનગી મેળવ્યા સિવાય લે. રે. કોડની કલમ ૪૮(૪) મુજબના હેતુ સિવાયના બીજા કોઈપણ બાંધકામનો પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

(૨૧) સવાલવાળી જમીનની હદની અંદર વરસાદી પાણીના નિકાલ ની વ્યવસ્થા અરજદારે પોતાના ખર્ચે કરવાની રહેશે.

(૨૨) સવાલવાળી જમીનમાં ડ્રેનેજ લાઈનની વ્યવસ્થા અરજદારે સ્વ ખર્ચે કરવાની રહેશે.

(૨૩) સવાલવાળી જમીનમાં શોકપીટ, સેફટી ટેન્કની વ્યવસ્થા અરજદારે સ્વ ખર્ચે કરવાની રહેશે.

(૨૪) સવાલવાળી જમીનમાં પાકા રસ્તાઓની સુવિધા અરજદારે પોતાના ખર્ચે પુરી પાડવાની રહેશે.

(૨૫) સવાલવાળી જમીનમાં વરસાદી પાણીના તથા ગંદા પાણીના નિકાલ માટેની કાયમી વ્યવસ્થા અરજદારે પોતાના ખર્ચે કરવાની રહેશે.

(૨૬) પ્રાથમિક સુવિધાઓ અરજદારે સ્વખર્ચે કરવાની રહેશે અને તે વ્યવસ્થા અરજદારે બાંધકામ શરુ કરતા પહેલા સવાલવાળી જમીનમાં કરવાની રહેશે. તે અંગેની ખાતરી ભરૂચ–અંકલેશ્વર અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી (બૌડા) એ કર્યા બાદ બાંધકામ શરુ કરવાની રજા ચિઠ્ઠી ભરૂચ–અંકલેશ્વર અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી (બૌડા)એ આપવાની રહેશે.

(૨૭) કોમન પ્લોટ ફરતે વાયર ફેન્સીગ કરાવવાનું રહેશે.

(૨૮) સદર જમીનમાં બાંધકામ પુરુ થયા બાદ સ્થાનિક સંસ્થા/ભરૂચ–અંકલેશ્વર અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી (બૌડા)એ ચકાસણી કરી કમ્પલીશન સર્ટીફીકેટ આપવાનું રહેશે.

(૨૯) બાંધકામ ફકત મેટ્રીક પધ્ધતિની ઈંટો જ વાપરવાની રહેશે.

(૩૦) બાંધકામમાં જલ્દીથી સળગી ઉઠે તેવા સ્ફોટક પદાર્થોનો ઉપયોગ કરવાનો રહેશે નહી.

(૩૧) બાંધકામની ફરતે કમ્પાઉન્ડની દિવાલ કરવી હશે તો સ્થાનીક સતા મંડળની પરવાનગી મેળવ્યા બાદ જમીનના લેવલથી દોઢ મીટર સુધી દિવાલ કરી શકશે.

(૩૨) પરવાનગી સિવાયનું જો બાંધકામ કરવામાં આવશે તો તે ભરૂચ–અંકલેશ્વર અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી (બૌડા) દુર કરાવી શકશે અને તે દુર કરવામાં કબજેદાર કસુર ઠરશે તો સરકારી ખર્ચે દુર કરવું તે અંગે થયેલ ખર્ચ કબજેદાર તથા ઓર્ગેનાઈઝર પાસેથી જમીન મહેસુલ બાકી તરીકે વસુલ કરવાની રહેશે.

(૩૩) પ્રસ્તુત જમીનનો ખેતી સિવાયનો ધારો ગામોના વર્ગ પ્રમાણે રહેણાંકના હેતુ માટે ભરપાઈ કરવાનો રહેશે. તે મુજબ ખેતીસિવાયનો ધારો દર વર્ષે ભરપાઈ કરવાનો રહેશે. તથા તે ઉપર થતા અન્ય વેરા જેવા કે શિક્ષણ ઉપકર, લોકલફંડ વિગેરે ભરપાઈ કરવાના રહેશે.

(૩૪) ખેતી સિવાયના દરોમાં જ્યારે પણ આકારમાં સુધારો કરવામાં આવે ત્યારે તે દરથી ભરપાઈ કરવાનો રહશે અને તે સમય પ્રચલિત અન્ય વેરાઓ પણ ભરપાઈ કરવાના રહેશે.

(૩૫) નદીમાં ડુબમાં થતા વિસ્તારોમાં કોઈ પરવાનગી આપવાની રહેશે નહી.

(૩૬) નદી કિનારાથી અથવા તો ડુબમાં જતા વિસ્તારથી ૧૫.૦ મી.નું માર્જીન છોડવાનુ રહેશે.

(૩૭) હયાત નાળીયા રસ્તાના કિસ્સામાં મધ્યરેખાથી ૧૨.૦ મી.અંતર રાખવાનુ રહેશે કે જેથી ભવિષ્યમાં વિકાસ યોજનાના રસ્તા તરીકે રાખી શકાય.

(૩૮) વર્ગીકૃત રસ્તાથી બિલ્ડીગ કન્ટ્રોલ લાઈનના ભાગમાં કોઈપણ પ્રંકારનું બાંધકામ આપવાનુ રહેશે નહી. જેથી ભવિષ્યમાં તે રસ્તાઓને વિકાસ યોજનાના રસ્તાઓ તરીકે પહોળા કરી શકાય.

(૩૯) સવાલવાળી જમીનની બાજુમાથી નહેર પસાર થતી હોય તો કેનાલથી બંને બાજુ ૫ મીટરનુ અંતર છોડવાનુ રહેશે.

(૪૦) સવાલવાળી જમીનની લાગુમાંથી પસાર થતા ભરૂચ—ચાવજ —ટંકારીયા રોડના કી.મી ૩/૫૦ થી ૩/૭૦ વચ્ચે રસ્તાની મધ્યરેખાથી કાટખુણે ૨૪ મીટર અંતર છોડી બાંધકામ કરવાનુ રહેશે.

(૪૧) સવાલવાળી જમીનમાં બાંધકામ કરવા બાબતે બૌડાના નિયમોનુસાર થતી ફીની રકમ ભરપાઈ કરી બાંધકામની પરવાનગી મેળવવાની રહેશે.

(૪૨) બૌડાએ પ્લાન મંજુર કરતા પહેલા જો કોઈ ખાતા હસ્તકનો રસ્તો સવાલવાળી જમીનની લાગુમાંથી પસાર થતો હોય તો નિયમોનુસારનુ માર્જીન છોડવામાં આવેલ છે કે કેમ?તેની ચકાસણી કરી લેવાની રહેશે.

(૪૩) જુદા જુદા ખાતા તરફથી આપવામા આવેલ અભીપ્રાયમાં દર્શાવેલ શરતોનું પાલન કરવાનુ રહેશે.

(૪૪) ઉપરોક્ત શરતોના પાલન અંગે મામલતદારશ્રી અંકલેશ્વર તથા બૌડાએ ચકાસણી કરવાની રહેશે.

(૪૫) ઉપરોક્ત શરતો પૈકી કોઈપણ શરતના ભંગ બદલ તથા સનદની કોઈપણ શરતભંગ બદલ પરવાનગી રદ કરવામાં આવશે.

મામલતદારશ્રી ભરૂચ,ડી.આઈ.એલ.આર.શ્રી ભરૂચ તથા બૌડા એ હુકમથી રેકર્ડમાં જરૂરી નોંધ કરવી.

COLLECTOR કલેકટર ભરૂચ BHARUCH

સહી/—
(સંદીપ જે. સાગલે)
કલેકટર ભરૂચ

પ્રતિ,
આયશાબેન ઈબ્રાહીમભાઈ વિગેર રહે ૧૫,રંગોલી કોમ્પલેક્ષ,સ્ટેશન રોડ,ભરૂચ
નકલ જયભારત સહ રવાના : મામલતદારશ્રી ભરૂચ તરફ
૨/— હુકમની ગામ દફતરે નોંધ કરાવી નોંધની તથા ૭×૧૨ ની નકલ રાખી નકશા મંજુર થયે તે મુજબ માપણી થયે માપણી શીટની નકલ મુજબ સનદ પાંચ નકલ તૈયાર કરી કાગળો સાથે ૧ માસમાં મોકલી આપવી.

નકલ જયભારત સહ રવાના ડી.આઈ.એલ.આર.શ્રી ભરૂચ તરફ.

૨/– માપણી ફી ભરેલ હોય નકશા મંજુર થયે પ્લોટ દીઠ દુરસ્તીની કાર્યવાહી પુરી કરી તથા પ્લોટવાર કે.જે.પી. તૈયાર કરી મામલતદારશ્રીને મોકલવા સારૂ.

નકલ જયભારત સહ રવાના જીલ્લા વિકાસ અધિકારીશ્રી ભરૂચ તરફ જાણ સારૂ.

નકલ જયભારત સહ રવાના નાયબ કલેકટરશ્રી ભરૂચ તરફ જાણ સારૂ.

નકલ જયભારત સહ રવાના મુખ્ય કારોબારી અધિકારીશ્રી ,ભરૂચ–અંકલેશ્વર અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી (બૌડા) તરફ

નકલ જયભારત સહ રવાના વિભાગીય પ્રબંધકશ્રી,વહીવટી સંકુલ,પ્લોટ નં.૬૨૪/બી, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર તરફ

રવાના કર્યું

કલેકટર ભરૂચ વતી

બીનખેતીની પરવાનગી મંજુર કરવા બાબત.

બીનખેતીનો આકાર તથા અન્ય વેરા ઠરાવવા/વસુલાત કરવા અંગેની વિગત દર્શાવતુ પત્રક

બીનખેતીની પરવાનગી આપેલ જમીનની વિગત				બીનખેતી પરવાનગી આપેલ જમીનનું ક્ષેત્રફળ ચો.મી.	કેવા પ્રકારનો બીનખેતીનો ઉપયોગ છે તેની વિગત	નિયમ મુજબ લેવાના બીન ખેતી આકારનો દર.	વસુલ કરેલ ખેતી આકારની કુલ રકમ. રૂા. પૈસા	રૂપાંતર વેરો લેવાનો થતો હોય તો તેની રકમ. રૂા. પૈસા	શિક્ષણવેરો લેવાનો થતો હોય તો તેની રકમ. રૂા. પૈસા	અન્ય કોઈ વેરો વસુલ કરવાનો થતો હોય તો તેની રકમ. રૂા. પૈસા	કોલમ ૫,૭,૯ વેરા કઈ તારીખથી લેવાના છે.
ગામનું નામ તથા તાલુકાનું નામ	બ્લોક નંબર/ સર્વેનંબર	ક્ષેત્રફળ	કબજેદારશ્રીનું નામ અને સરનામું.								
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨
મોજે રહાડપોર તા.ભરૂચ	૩૮	૦—૬૫—૭૬	આયશાબેન ઈબ્રાહીમભાઈ વિગેરે રહે ૧૫,રંગોલી કોમ્પલેક્ષ,સ્ટેશન રોડ,ભરૂચ	રહેણાંક ૫૦૦૦ ચોમી તથા વાણિજય ૧૫૭૬ ચોમી કુલ ૬૫૭૬ ચોમી	રહેણાંક/ વાણિજય હેતુ માટે	૧ ચો.મી.ના રહેણાંક હેતુ માટે રૂા. ૦—૨૫ પૈસા તથા વાણિજય હેતુ માટે રૂા.૦—૬૦ પૈસા	૨૧૯૬/—	૯૭,૨૮૦/—	નિયમ મુજબ	નિયમ મુજબ	સને ૨૦૧૬—૧૭ના વર્ષથી

સહી/—
કલેકટર ભરૂચ

રવાના કર્યુ
કલેકટર ભરૂચ વતી

કલેકટર કચેરી, ટેનન્સી શાખા, ભરૂચ.

કણબી વગા, ભરૂચ – ૩૯૨૦૦૧.
ફોન નં. (૦૨૬૪૨) ૨૪૩૫૫૬

નં.ટેનન્સી/બિનખેતી શરતફેર/એસ.આર.નં. ૧૬/૨૦૧૬/વશી/ ૨૩૭૧ તા. ૨૪/ ૧૧ /૨૦૧૬

વિષય : મોજે રહાડપોર તા. જી. ભરૂચ

બ.નં. ૩૮ ની કુલ હે. ૦–૬૫–૭૬ ચો.મી. પૈકી ૫૦૦૦ ચો.મી. જમીન રહેણાંકના બીનખેતી હેતુ માટે તથા ૧૫૭૬ ચો.મી. જમીન વાણિજયના બીનખેતી હેતુ માટે શરતફેર કરવાની પરવાનગી આપવા બાબત.

અરજદાર : બાઈ આયશાબેન ઈબ્રાહીમ ઈસપ વિગેરે રહે. C/o, ૧૫, રંગોલી કોમ્પલેક્ષ, સ્ટેશન રોડ, ભરૂચ.

વંચાણમા લીધા :–

(૧) અરજદારશ્રીની તા. ૨–૩–૨૦૧૬ ની અરજી.
(૨) મામલતદારશ્રી, ભરૂચના શેરા નં. ભુમી–વશી–૬૯૩ તા. ૧૯/૪/૨૦૧૬ તથા છેવટના શેરા ક્રમાંક : ભુમી–વશી–૨૨૧૭ તા. ૩/૧૦/૨૦૧૬.
(૩) આસી. કલેકટરશ્રી, ભરૂચના શેરા ક્રમાંક : ટેનન્શી–વશી–૧૦૧૭ તા. ૨–૮–૨૦૧૫.
(૪) સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંકઃ નશજ/૧૦૨૦૦૬/૫૭૧/જ (પાર્ટ–૨) તા.૪–૭–૦૮.
(૫) સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંકઃએસટીપી/૧૨૨૦૯/૭૬૯/૧૧ હ.૧ તા.૩૧/૩/૨૦૧૧.
(૬) સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંકઃ નશજ/૧૦૨૦૦૬/૫૭૧/જ (પાર્ટ–૨) તા.૩–૫–૨૦૧૧.
(૭) સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંકઃ નશજ/૧૦૨૦૦૬/૫૭૧/જ (પાર્ટ–૨) તા.૨૯–૧૨–૨૦૧૫.
(૮) સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંકઃ ગણત/૩૨૨૦૦૦૭/૫૭૭/ઝ તા.૧૭/૨/૨૦૧૨.
(૯) અત્રેની કચેરીના નોંધ પર મળેલ આદેશ.
(૧૦) અત્રેની કચેરીના પત્ર ક્રમાંકઃટેનન્સી/વશી/૨૨૪૪ તા. ૧૫/૧૦/૨૦૧૬.
(૧૧) અરજદારની તા. ૨૭–૧૦–૨૦૧૬ ના રોજ પ્રિમિયમ ભરી ચલણ રજુ કર્યાની અરજી.

:: હુકમ ::

આમુખ–(૧) માં જણાવેલ અરજીથી બાઈ આયશાબેન ઈબ્રાહીમ ઈસપ વિગેરે રહે. C/o, ૧૫, રંગોલી કોમ્પલેક્ષ, સ્ટેશન રોડ, ભરૂચ.એ નીચેના વર્ણનવાળી ખેતીની જમીન રહેણાંક તથા વાણિજયના બીનખેતી હેતુ માટે શરતફેર કરી આપવાની પરવાનગી મળવા બાબતે અત્રેની કચેરીમાં અરજી કરેલ છે.

જમીનનું વર્ણન.

ગામ / તાલુકો.	સર્વે નંબર / બ્લોક નંબર	ક્ષેત્રફળ હે.આરે.ચોમી.	આકાર રૂ. પૈસા.	જમીન કયા કાયદા અને સત્તા પ્રકારની છે તેની વિગત.
રહાડપોરતા. જી. ભરૂચ	૩૮	૦–૬૫–૭૬	૮–૦૦	બીનખેતી હેતુ માટે પ્રીમીયમને પાત્ર

આ કામે અરજદારની અરજી અંગે મામલતદારશ્રી, ભરૂચ પાસે તપાસ કરાવતાં તેઓએ નિયત ચેક્લીસ્ટમાં વિગતો ભરી આમુખ–૨ ના શેરાથી બિનખેતીના હેતુ માટે શરતફેર કરવાની પરવાનગી આપવા ભલામણ સહ આસી. કલેકટરશ્રી, ભરૂચને મોકલવામાં આવેલ.

આસીસ્ટન્ટ કલેકટરશ્રી, ભરૂચએ તેઓના આમુખ–૩ ના શેરાથી અરજદારની માંગણી મુજબ બિનખેતી રહેણાંક તથા વાણિજયના હેતુ માટે હાલની જંત્રીના દર મુજબ થતાં પ્રિમિયમની રકમ વસુલ લઈ બિનખેતીના રહેણાંક તથા વાણિજયના હેતુ માટે શરતફેર કરી આપવાના અભિપ્રાય સહીત પ્રકરણ અત્રે મોકલેલ છે.

જે અન્વયે સાધનિક કાગળોની ચકાસણી કરતાં સવાલવાળી જમીન ગણોત હકકે ફેરફાર નોંધ નં. ૧૯૨ તા. ૧૧–૯–૧૯૬૪ થી મહમદ ઈસપ અહમદને પ્રાપ્ત થયેલ છે. જેના ખરીદ કીમતના હપ્તા ભરપાઈ કરતા ફેરફાર નોંધ નં. ૨૭૦ તા. ૨૧–૪–૭૨ થી જમીન માલીકનો બોજો કમી થયેલ છે.

ત્યારબાદ અનુક્રમે કૌટુંબીક વહેચણ થી ફેરફાર નોંધ નં. ૩૦૧ તા. ૯/૪/૭૪ તથા ત્યારબાદ વારસાઈ હકકે ફેરફાર નોંધ નં. ૫૭૪ તા. ૧૧–૧૨–૮૯ થી હાલના કબજેદારોને પ્રાપ્ત થયેલ છે.

સરકારશ્રીના મહેસુલ વિભાગના આમુખ–૪ તથા ૬ માં જણાવેલ ઠરાવની જોગવાઈઓને આધિન સવાલવાળી જમીનનો બિનખેતી રહેણાંક તથા વાણિજયના ઉપયોગ માટે નિયંત્રણમાંથી મુકિત આપવા માટે કલેકટરશ્રીને નિકાલ કરવાની સત્તા આપવામાં આવેલ છે.

આમુખ–૭ થી અમલમાં આવેલ જોગવાઈઓ મુજબ રૂ. પાંચ કરોડ સુધીની બજાર કિંમત ધરાવતી જમીન અંગે પરવાનગી આપવાના અધિકાર કલેકટરશ્રીને છે. જે ધ્યાને લેતાં આમુખ–૫માં જણાવેલ પરીપત્રની જોગવાઈ મુજબ તા.૧/૪/૨૦૧૧ થી અમલમાં આવેલ નવી જંત્રી આધારે જમીનોનું મુલ્યાંકન કરવાનું રહે છે. તે મુજબ મોજે રહાડપોર તા. જી. ભરૂચના બ.નં. ૩૮ વાળી જમીનનો રહેણાંક હેતુ માટેનો જંત્રી દર, દર ચો.મી.નો રૂ. ૧૭૨૫/– પ્ર.ચો.મી. તથા વાણિજયના હેતુ માટે રૂ. ૧૯૮૮/– પ્ર.ચો.મી. નકકી કરવામાં આવેલ છે. તે મુજબ પ્રિમિયમની ગણતરી કરતા મોજે રહાડપોર ના બ.નં. ૩૮ ની કુલ જમીન પૈકી રહેણાંકના હેતુ ૫૦૦૦ ચો.મી. × ૧૭૨૫/– પ્ર.ચો.મી. લેખે કુલ કીમત ૮૬,૨૫,૦૦૦/– ના ૪૦% લેખે પ્રીમીયમ રૂ. ૩૪,૫૦,૦૦૦/– વસુલ કરવાના થાય છે તથા વાણિજયના હેતુ માટે ૧૫૭૬ ચો.મી. × રૂ.૧૯૮૮/– લેખે કુલ કીમત ૩૧,૩૩,૦૮૮/– થાય છે જેના ૪૦% લેખે પ્રીમીયમની રકમ રૂ. ૧૨,૫૩,૨૩૬/– પુરા અરજદાર પાસેથી વસુલ કરવાપાત્ર થાય છે. આમ રહેણાંકના હેતુ માટે રૂ.૩૪,૫૦,૦૦૦/– તથા વાણિજયના હેતુ માટે રૂ.૧૨,૫૩,૨૩૬/– મળી કુલ પ્રીમીમય રૂ. ૪૭,૦૩,૨૩૬/– પુરા વસુલ કરવા પાત્ર થાય છે.

અત્રેના આમુખ–૯ ના પત્રથી અરજદારને ઉકત પ્રિમિયમની રકમ જમા કરાવવા જણાવતા, અરજદારે પ્રિમિયમની રકમ રૂ.૪૭,૦૩,૨૩૬/– અંકે રૂપિયા સુડતાળીસ લાખ ત્રણ હજાર બસો છત્રીસ પુરા ચલણ નં.૧૧૩/૨૦૧૬ તા.૨૭/૧૦/૨૦૧૬ ના રોજ સરકારશ્રીમાં "૦૦૨૯ એલ.આર. એન. ટી' સદરે બેંક ઓફ બરોડા, ભરૂચ ખાતે જમા કરાવેલ છે. જે અસલ ચલણ આમુખ–૧૦ ની અરજીથી અત્રે રજુ કરેલ છે.

ઉપરોકત વિગત ધ્યાને લઈ મોજે રહાડપોર તા. જી. ભરૂચના સર્વે નં./બ.નં. ૩૮ ની હે.૦–૬૫–૭૬ ચો.મી. વાળી બીનખેતી હેતુ માટે પ્રીમીયમને પાત્ર વાળી કુલ જમીન પૈકી ૫૦૦૦ ચો.મી. જમીન રહેણાંકના બીનખેતી હેતુ માટે તથા ૧૫૭૬ ચો.મી. જમીન વાણિજયના બીનખેતી હેતુ માટે શરતફેર કરવા સારૂ નીચેની શરતોને આધિન રહી પરવાનગી આપવા હુકમ કરવામા આવે છે.

–:: શરતો ::–

(૧) હુકમમા જણાવેલ બજાર કિમત એક જ વર્ષ પુરતી અમલમાં રહેશે. ત્યાર બાદ આમુખ–૮ના પરિપત્રની જોગવાઈ મુજબ સુધારાને પાત્ર રહેશે.

(૨) સવાલવાળી કુલ જમીન પૈકી ૫૦૦૦ ચો.મી. જમીન રહેણાંકના હેતુ માટે તથા ૧૫૭૬ ચો.મી. જમીન વાણિજયના હેતુ માટે બિનખેતી ઉપયોગ કરવા લેન્ડ રેવન્યુ કોડ હેઠળની પરવાનગી મેળવવા સક્ષમ અધિકારીશ્રીને આ હુકમની તારીખથી છ માસમાં અરજી કરવાની રહેશે.

(૩) અન્ય કાયદા હેઠળ પરવાનગી મેળવવાની થતી હશે તો તે મુજબ મેળવી લેવાની રહેશે.

(૪) રહેણાંક તથા વાણિજયના હેતુ માટે બીનખેતીનો ઉપયોગ કરવા પ્રિમીયમ નકકી કરેલ છે તે જ હેતુ માટે બિનખેતીની પરવાનગી મેળવી શરતો મુજબ ઉપયોગ કરવાનો રહેશે.

(૫) સદરહુ પરવાનગી ફકત રહેણાંક તથા વાણિજયના બીનખેતી હેતુના ઉપયોગ માટે શરતફેર કરી આપવાના કામે બિનખેતીનું પ્રિમીયમ નકકી કરવા પુરતી આપેલ છે. બિનખેતીનો ઉપયોગ કરવા માટે નથી.

(૬) સરકારશ્રીના વખતો વખતના પરિપત્ર અને સ્થાયી સૂચનાઓનો અમલ કરવાનો રહેશે.

(૭) પ્રશ્ન વાળી જમીન અંગે વસુલ લેવામાં આવેલ પ્રીમીયમની ગણતરીમાં ભવિષ્યમાં કોઈપણ તબકકે હકીકત દોષ કે ગણતરી દોષ જણાયે નિયમાનુસાર પ્રીમીયમના તફાવતની રકમ ભરપાઈ કરવાની જવાબદારી આ મંજુરી મેળવનાર /મેળવનારાઓ / મંજુરી હેઠળની જમીનના ધારણ કરનારાઓની સંયુકત અને વ્યકિતગત એમ બન્ને રીતની રહેશે. અને / અથવા આ રીતે વસુલ કરવાપાત્ર જણાયેલ સરકારશ્રી પક્ષે બાકી નીકળતી રકમ જમીન મહેસુલની બાકી તરીકે વસુલ કરવાને પાત્ર રહેશે.

(૮) વેચાણના કિસ્સામાં પ્રશ્નવાળી જમીનની પ્રવર્તમાન જંત્રીના દર મુજબ નકકી કરેલ બજાર કીમત કરતા ખરેખર ઉપજેલ વેચાણ કીમત જો વધુ હોય તો વેચાણ કીમત ધ્યાને લઈ તે કીમતના ૪૦% લેખે પ્રીમીયમ ગણી તેમાંથી ભરપાઈ કરેલ પ્રીમીયમની રકમ બાદ કરી તફાવતનું પ્રીમીયમ વસુલ કરવામાં આવશે.

(૯) સવાલવાળી જમીનની ગ.ધા.કલમ ૪૩ હેઠળ શરતફેર કરવાની પરવાનગી ભરૂચ અંકલેશ્વર શહેરી વિકાસ સતા મંડળના જી.ડી.સી.આર.ની જોગવાઈઓને આધીન આપવામાં આવેલ હોય ફેરફારને પાત્ર રહેશે તથા વિકાસ યોજનાની તમામ જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

(૧૦) મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીનના નિયમોના નિયમ–૨૫(ગ)(૩) મુજબ નિર્દિષ્ટ કરેલી મુદત અંદર શરતનું પાલન કરવામાં ચૂક થયે કલમ–૪૩ પેટા કલમ–૧ હેઠળની આપેલ મંજુરી આપોઆપ રદ થશે.

ઉકત શરતો પૈકી કોઈપણ શરતનો ભંગ થશે તો આપેલ પરવાનગી આપોઆપ રદ થયેલી ગણાશે.

આ હુકમની ગામ દફતરના રેકર્ડમાં નોંધ રાખવી.

સહી/–
(સંદીપ જે. સાગલે)
કલેકટર,ભરૂચ

COLLECTOR કલેકટર ભરૂચ BHARUCH.

પ્રતિ,
બાઈ આયશાબેન ઈબ્રાહીમ ઈસપ વિગેરે
રહે. C/o, ૧૫, રંગોલી કોમ્પલેક્ષ, સ્ટેશન રોડ, ભરૂચ.

નકલ જયભાત સહ રવાના:–
---મામલતદારશ્રી, ભરૂચ.
૨/– હુકમની નોંધ રેકર્ડમાં પાડી તેના આધાર સહીત અત્રે જાણ કરવા તથા હુકમની શરતનોનું પાલન થવા બાબતે તકેદારી રાખવા સારુ.

સીલેકટ ફાઈલ.

ખરી નકલ,
કલેકટર ભરૂચ વતી